# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાંBRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે .શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે .જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે .સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે .હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૦૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

તા.૧૧/૦૮/૨૦૨૪ ના રોજ "તિરંગા યાત્રા" અનુસંધાને ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સુરત શહેર ખાતે પધારનાર હોય, જેઓ સુરત એરપોર્ટ થી લાલભાઇ કોન્ટ્રાકટર સ્ટેડિયમ તથા સંભવિત સર્કીટ હાઉસથી મહાવીર હોસ્પિટલ ખાતે જનાર હોય તેમજ સદર તિરંગા યાત્રા એસ.કે.નગરથી લાલભાઇ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે જનાર હોય અને સદર તિરંગા યાત્રામાં સુરત શહેર તેમજ આજુ-બાજુના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં જનમેદની બસો તથા અલગ-અલગ વાહનો મારફતે પધારનાર છે. જે અન્વયે પોલીસ વિભાગ ધ્વારા સદર રૂટ પર કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી સીટી તથા BRTS બસ ઓપરેશન બંધ રાખવા જણાવેલ છે.

ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતા "તિરંગા યાત્રા"ના રૂટ પરથી પસાર થતા તમામ સીટી તથા BRTS રૂટોને અસર થનાર હોઈ તા.૧૧/૦૮/૨૦૨૪ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત જાહેર પરિવહન સેવામાં નીચે મુજબના ફેરફાર કરવામાં આવનાર છે.

| સુરત બી.આર.ટી.એસ. રૂટની માહિતી | | | |
|---|---|---|---|
| ક્રમ નં. | રૂટ નં. | રૂટના નામ | કરવામાં આવનાર ફેરફાર |
| ૧ | ૧૨ | ONGC કોલોની થી સરથાણા નેચરપાર્ક | સોમેશ્વર સુધી કાર્યરત રહેશે |
| ૨ | ૧૪ | ONGC કોલોની થી કોસાડ EWS-H2 | પાલ RTO સુધી કાર્યરત રહેશે |

| સુરત સીટીબસ સર્વિસની માહિતી | | | |
|---|---|---|---|
| ક્રમ નં. | રૂટ નં. | રૂટના નામ | કરવામાં આવનાર ફેરફાર |
| ૧ | ૦૧–૦૨ | અડાજણ GSRTC થી રેલ્વે સ્ટેશન લુપ | જે તે સમયે ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મુજબ ડાયવર્ઝનનો અમલ કરવામાં આવશે. |
| ૨ | ૧૦૬ | સુરત રેલ્વે સ્ટેશન ટર્મિનલ થી આભવા ગામ | સદંતર બંધ રહેશે. |
| ૩ | ૧૧૭ | સુરત રેલ્વે સ્ટેશન ટર્મિનલ થી પાલનપુર ગામ | જે તે સમયે ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મુજબ ડાયવર્ઝનનો અમલ કરવામાં આવશે. |
| ૪ | ૧૨૬ | સુરત રેલ્વે સ્ટેશન ટર્મિનલ થી VNSGU | સદંતર બંધ રહેશે. |
| ૫ | ૧૩૬ | સુરત રેલ્વે સ્ટેશન ટર્મિનલ થી સુરત એરપોર્ટ | સદંતર બંધ રહેશે. |
| ૬ | ૧૫૩ | ઉમરા ગામ થી કાપોદ્રા | સદંતર બંધ રહેશે. |
| ૭ | ૨૦૪ | ચોક ટર્મિનલ થી ગોડાદરા ગામ | જે તે સમયે ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મુજબ ડાયવર્ઝનનો અમલ કરવામાં આવશે. |
| ૮ | ૨૦૫ | ચોક ટર્મિનલ થી ગભેણી ગામ/ લાજપોર જેલ/સચીન રેલ્વે સ્ટેશન | જે તે સમયે ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મુજબ ડાયવર્ઝનનો અમલ કરવામાં આવશે. |
| ૯ | ૨૦૬ | ચોક ટર્મિનલ થી ડુમસ લંગર | સદંતર બંધ રહેશે. |
| ૧૦ | ૨૦૯ | ડભોલી એરીયા થી ડિંડોલી | જે તે સમયે ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મુજબ ડાયવર્ઝનનો અમલ કરવામાં આવશે. |
| ૧૧ | ૨૧૬ | ચોક ટર્મિનલ થી ભીમપોર / કાદી ફળીયા | સદંતર બંધ રહેશે. |
| ૧૨ | ૨૨૬ | કોસાડ ગામ થી VNSGU | સદંતર બંધ રહેશે. |
| ૧૩ | ૭૦૬ | ઈસ્કોન સર્કલ થી VNSGU | સદંતર બંધ રહેશે. |
| ૧૪ | ૭૧૬ | જહાંગીરપુરા થી ગેલ કોલોની વેસુ | સદંતર બંધ રહેશે. |

ઉપરોક્ત ડાયવર્ઝન સિવાય જે તે સમયે ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મુજબ ડાયવર્ઝનનો અમલ કરવામાં આવશે. જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..........................
તા.૦૯/૦૮/૨૦૨૪